# કબૂતર (Rock Pigeon)

પંખીલોક

★ પ્રવીણ સરવૈયા

કબૂતર આપણા ઘરઆંગણાંનું પંખી છે. કહો કે એ આપણું સહુથી સુપરિચિત પંખી છે. મુઠ્ઠી ભરીને ચણ ફળિયામાં નાખો કે ફરરર કરતું ઊડીને તરત આવે અને ચપચપ કરતાં દાણેદાણો વીણી લે.

એના રાખોડી રંગના શરીરમાં રાતી આંખ અને રાતા પગ ખૂબ શોભે છે. બીજાં ધોળાં અને કાબરચીતરાં કે તપખીરિયા રંગનાં કબૂતરો પણ આપણે જોયાં હોય છે. કબૂતરને આપણે 'પારેવું' પણ કહીએ છીએ. કબૂતરને ગીચ જંગલમાં રહેવું ગમતું નથી. એને તો ખૂબ જ ગીરદી ધરાવતું કે ધમાલિયું વાતાવરણ અનુકૂળ છે. એ મકાનોની અંદર કે બહાર રાતવાસો કરે છે અને માળા બાંધે છે. અવાવરુ ઘર કે કૂવામાં પણ તે જોવા મળે છે.

પંખીઘરોમાં કબૂતરોની સંખ્યા વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. તેઓ કાગડા કે ચકલી

**તાલીમ પામેલા કબૂતરની ડોકમાં ચિઠ્ઠી બાંધી દેવામાં આવે તો નિર્ધારિત સ્થળે કલાકના સાઠ-સિત્તેર કિલોમીટરની ઝડપે ઊડીને એ સંદેશો પહોંચાડી આવતું. તે દૂરના પ્રદેશમાં પહોંચીને પણ પોતાની મૂળ જગ્યાએ આવી જતું**

સાથે પણ ચણતાં હોય છે. મોટા ભાગે તેઓ બધા પ્રકારનું અનાજ ખાય છે. જુવારના દાણા એમને બહુ પસંદ છે. જુવારની સાથે તેઓ ઝીણી કાંકરી પણ ખાઈ જાય છે. જૂનાં ખંડેરો, પ્રાચીન કિલ્લા, ખડકોનાં કોતરોમાં કબૂતરોની ચરકની ગંધથી આપણને તેની હાજરીની ખબર પડી જાય છે. નર-પંખીનો ગળું ફુલાવીને કરાતો ઘૂ...ઘૂ...ઘૂ...એવો ઘણો પરિચિત અવાજ આપણે અવારનવાર સાંભળીએ છીએ.

કબૂતર (Rock Pigeon) આપણને પહેલી નજરે તો આખું આસમાની રંગનું લાગે છે, પણ એની પાંખમાં બે આડા કાળા પટ્ટા છે. ડોકમાં ઝગારા મારતો લીલો, લાલ ને જાંબલી રંગ શોભે છે. ચાંચના મૂળમાં સફેદ રંગની પટ્ટી છે. આમ, આસમાની લાગતા કબૂતરમાં ઘણા રંગો છુપાયેલા છે.

કબૂતરના માળા તો કઈ ઋતુમાં જોવા ન મળે? દસ-બાર સાંઠીકડાં આડાંઅવળાં મૂકીને સાવ મેળ વગરનો માળો તે બનાવે છે. બચ્ચાંને





એ જીવાત ખવડાવે છે. માળો ચરકથી ભરેલો ને ગંધાતો હોય છે. માળામાં ધોળા રંગનાં લગભગ બે ઈંડાં હોય છે.

કબૂતરની જાતના અન્ય પંખીઓમાં હરિયલ (Yello-legged Green Pigeon) આપણું સર્વ વ્યાપક પંખી છે. જ્યારે રાખોડીશિર હરિયલ (Grey-fronted Green Pigeon) અને પીળી આંખ કબૂતર (Yello-eyed Pigeon) પણ તેની અન્ય જાતો છે.

કબૂતર 'શાંતિનું દૂત' ગણાય છે. આપણાં રાષ્ટ્રીય પર્વોની ઉજવણી વખતે સફેદ કબૂતરો 'શાંતિના દૂત' તરીકે ઉડાડાય છે. પહેલાંના જમાનામાં કબૂતર સંદેશાવાહક તરીકે કામ કરતું. તાલીમ પામેલા કબૂતરની ડોકમાં ચિઠ્ઠી બાંધી દેવામાં આવે તો નિર્ધારિત સ્થળે કલાકના સાઠ-સિત્તેર કિલોમીટરની ઝડપે ઊડીને એ સંદેશો પહોંચાડી આવતું. તે દૂરના પ્રદેશમાં પહોંચીને પણ પોતાની મૂળ જગ્યાએ આવી જતું.


હવે સંદેશાવ્યવહારના અત્યંત આધુનિક ઉપકરણો આવી ગયાં છે. એટલે પંખીઓની ક્યાંય મદદ લેવાતી નથી. આમ પણ હવે પક્ષીઓ કાયદાથી રક્ષિત છે એટલે એને પકડીને પાંજરામાં પૂરવા કે વેચવા-ખરીદવા પર પ્રતિબંધ છે. આ બાબતનો સૌએ હંમેશા ખ્યાલ રાખવો. પારેવું આપણા લોકસાહિત્યમાં પણ સંકળાયેલું છે. 'મૈંને પ્યાર કિયા' નામની હિન્દી ફિલ્મમાં 'કબૂતર જા જા જા' ગીતે ખૂબ ધૂમ મચાવી હતી અને ભારતભરનાં તેમજ વધુ તો ગુજરાતનાં યુવક-યુવતીઓએ હાથમાં કબૂતર રાખીને ફોટા પણ ખૂબ પડાવેલા, એટલે કબૂતર એક સમયે નવી 'ફેશન' સાથે પણ જોડાઈ ગયેલું!

પંખીઓમાં પારેવું ભોળું ગણાય છે, એથી ભોળા સ્વભાવની વ્યક્તિને 'પારેવડા' જેવી કહેવાય છે. પણ આ ભોળાં પારેવાં શિકારીઓની નજરથી બચ્યાં નથી. એક વાર કોથળા ભરીને હત્યા કરેલાં પારેવાં સાથે કેટલાક શખ્સો ઝડપાયેલા. કદાચ ચિકનની સાથે તેનું માંસ છૂપી રીતે ક્યાંક પધરાવી દેવામાં આવતું હશે કે કેમ એના માટે પણ તકેદારી અનિવાર્ય છે.

# હવે દેડકા અને ગરોળી બચાવશે કેન્સરના દર્દીઓનો જીવ!

વિજ્ઞાન અત્યંત વિકસિત થઈ ચૂક્યું છે, અને મેડિકલ સાયન્સ પણ ઘણું આગળ વધી ગયું છે, તેમ છતાં અત્યાર સુધી કેન્સરનો કોઈ સંપૂર્ણ અને ચોક્કસ ઇલાજ શોધી શકાયો નથી. હવે એક એવો ખુલાસો થયો છે જે સાંભળવામાં વિચિત્ર લાગે પણ તે લાખો લોકોના જીવ બચાવી શકે છે. જાપાનના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે, દેડકા અને ગરોળીના આંતરડામાં એવા બેક્ટેરિયા જોવા મળ્યા છે જે મનુષ્યમાં થતા ઘાતક કોલોરેક્ટલ કેન્સર (Colorectal Cancer) ને જડમૂળથી ઉખેડી નાખવાની ક્ષમતા ધરાવે છે.

વૈજ્ઞાનિકોએ કેન્સરની સારવારની દિશામાં એક એવી શોધ કરી છે, જે આગામી સમયમાં તબીબી જગતમાં મોટું પરિવર્તન લાવી શકે છે. જાપાનના સંશોધકોએ દેડકાના આંતરડામાં જોવા મળતા એક ખાસ બેક્ટેરિયાની ઓળખ કરી છે, જે કોલોરેક્ટલ કેન્સર (આંતરડા અને મળાશયનું કેન્સર)ની સારવારમાં અત્યંત



અસરકારક સાબિત થઈ શકે છે. આ રિસર્ચથી એવી આશા જન્મી છે કે, ભવિષ્યમાં કેન્સરની સારવાર માટે પરંપરાગત કીમોથેરાપી અને ઇમ્યુનોથેરાપી સિવાય નવા અને વધુ સુરક્ષિત વિકલ્પો ઉપલબ્ધ થઈ શકશે.

જાપાનની નાગોયા યુનિવર્સિટીના સંશોધકોએ એક ખાસ પ્રકારના બેક્ટેરિયાની ઓળખ કરી છે, જેનું નામ 'ઈવિંગેલા અમેરિકાના' (Ewingella americana) છે. આ બેક્ટેરિયા સામાન્ય રીતે દેડકા અને ગરોળી જેવા પ્રાણીઓના પાચનતંત્રમાં રહે છે. અત્યાર સુધી જેને આપણે માત્ર સામાન્ય જીવ માનતા હતા, તે હવે કેન્સર સામે લડવા માટેનું સૌથી મોટું શસ્ત્ર સાબિત થઈ શકે છે. વૈજ્ઞાનિકોએ જ્યારે આ બેક્ટેરિયાનું પરીક્ષણ કર્યું ત્યારે જાણવા મળ્યું કે, તે કેન્સરના ટ્યુમર પર સીધો પ્રહાર કરે છે. આ બેક્ટેરિયા ટ્યુમરની અંદર પ્રવેશ કરીને શરીરની રોગપ્રતિકારક શક્તિને તે જગ્યાએ અત્યંત સક્રિય કરી દે છે. તેથી શરીરના જ 'ટી-સેલ્સ' કેન્સરના કોષોને શિકાર બનાવીને તેનો નાશ કરવા લાગે છે. આ પ્રક્રિયામાં ટ્યુમરનો ફેલાવો અટકે છે અને તે ધીમે-ધીમે સંકોચાઈ જાય છે.